અંતિમ વિદાય : તુમકો ન ભૂલ પાએંગે

વિદાય આપવાની વાત બહુ વસમી હોય છે પણ આપણે તે વાત નિભાવવી પડતી હોય છે કારણકે તે વ્યવહારનો એક ભાગ હોય છે.આ વિદાય તેમાય જ્યારે અંતિમ વિદાય હોય ત્યારે તો વાત બહુ પીડાદાયક બની રહેતી હોય છે પણ આપણે આપણા ભાઈ, માતા, પિતા બહેન કે અન્ય સગાવહાલા તે આપણને ગમે તેટલા વહાલા હોય તોપણ તેમની અંતિમયાત્રામાં સામેલ થતા હોઈએ છીએ અને તેમને તેમની અવ્વલ મંઝિલ પર પહોચાડતા હોઈએ છીએ.પણ કેટલાક એવા લોકો પણ થઈ ગયા છે જે તેમના પ્રિયપાત્રને અંતિમ વિદાય આપી શકતા નથી અને તેઓ એવું કરી જાય છે જેને આપણે સાદી ભાષામાં તો ગાંડપણ જ કહેતા હોઈએ છીએ.આ લોકો અન્ય લોકોની જેમ વિચારી શકતા નથી અને તેઓ તેમના મૃતદેહ સાથે લાંબો સમય સુધી રહેતા હોય છે તેમને એ ખબર હોય છે કે તે મોતને ભેટ્યો છે પણ તેમનું મન એ વાતને માનવા તૈયાર હોતું નથી.તે પોતાના પ્રિયપાત્રને અંતિમ વિદાય આપવા માટે તેમની જાતને તૈયાર કરી શકતાં જ નથી અને તેમને કોઈને કોઈ સ્વરૂપે પોતાની પાસે સાચવી રાખે છે.

હોવાર્ડ લુઈસ આમ તો અન્ય સામાન્ય લોકો જેવો જ હતો પણ તેમાં અસામાન્ય વાત એ હતી કે તે તેની પત્ની એલિઝાબેથને ખુબ જ ચાહતો હતો તેમણે ૩૪ વર્ષ દાંપત્યજીવન ભોગવ્યું હતું અને તેના પાછલા પાંચ વર્ષ તો લુઈસે તેની પત્નીની ભારે દરકાર રાખી હતી જે અલ્ઝાઈમરનો ભોગ બની હતી.૨૦૦૫માં શનિવારની સવારે જ્યારે લુઈસ જ્યારે જાગ્યો ત્યારે તેણે જોયું કે તેની પત્નીનો શ્વાસ ચઢી ગયો હતો તેણે તરત જ એમ્બ્યુલન્સને ફોન કરવા બહાર નિકળ્યો પણ તેણે એમ કરવાને બદલે પેપર લઈને પાછા આવવાનું મુનાસિબ માન્યું હતું.ત્યારબાદ જાણે કે કાંઈ બન્યુ ન હોય તેમ તે જીવવા માંડ્યો હતો તે ત્યારબાદ રોજ રાત્રે તેના રૂમમાં જતો અને તેના ચહેરાને સ્પર્શ કરતો અને ગુડબાય કરતો હતો.તે ગંધ બહાર ન જાય તે માટે તેના ઘરને હંમેશા ઠંડુ રાખતો હતો અને તેના વેન્ટીલેટર્સ પણ બંધ રાખતો હતો.જ્યારે પડોશીઓ અને તેના મિત્રો એલિઝાબેથ અંગે પુછતા ત્યારે તે કહેતો કે તે ખુબજ ફાઈન છે પણ જ્યારે મહિનાઓ સુધી લોકોએ તેને જોઈ નહી ત્યારે તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો જ્યારે પોલીસ ત્યાં પહોંચી ત્યારે તેમને ખ્યાલ આવી ગયો કે શુ બન્યુ હશે લુઈસ જ તેમને તેના રૂમ સુધી દોરી ગયો હતો તેણે પોલીસને જણાવ્યું હતું કે તે પાંચ મહિના પહેલા મોતને ભેટી હતી તેની ધરપકડ કરાઈ હતી પણ તેના પર કોઈ કામ ચાલ્યું ન હતું કારણકે ન્યાયાધિશોને તેના તરફ સહાનુભૂતિ હતી.સાઉથ વેલ્સમાં આ કેસ જાણીતો બન્યો હતો.

પેન્સિલવેનિયાની જિન સ્ટીવન્સના લગ્ન ૧૯૪૨માં જેમ્સ સાથે થયા હતા.બંને સુખમય રીતે જીવન પસાર કરતા હતા અને ૧૯૯૯માં જેમ્સ પાર્કિન્સનના કારણે મોતને ભેટ્યો હતો અને તેને ત્યાંના સ્થાનિક કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યો હતો.થોડા સમય બાદ જિન ત્યાં પહોચી હતી અને તેની કબરને ખોદી હતી અને તેના મૃતદેહને ઘેર લઈ આવી હતી અને તેને ઘરમાં જ રાખ્યો હતો.જિનની જોડકી બહેન હતી તેણે પણ જેમ્સના ભાઈ સાથે લગ્ન કર્યા હતા જો કે તેઓ અલગ રહેતા હતા પણ એકબીજાના સંપર્કમાં હતાં.૬ ઓક્ટોબર ૨૦૧૦માં તેની બહેન મોતને ભેટી તેને પણ કબ્રસ્તાનમાં દફનાવી જો કે થોડા દિવસ બાદ જિન તેના મૃતદેહને પણ ઘરમાં લઈ આવી.તેણે જેમ્સને સુટ પહેરાવ્યો હતો અને બહેનને હાઉસકોટ પહેરાવ્યો હતો.તેમના મૃતદેહની ગંધને ઢાંકવા માટે તે દરરોજ તેમના પર પરફ્યુમ છાંટતી હતી.તેના પડાશીઓએ આખરે પોલીસને ફોન કર્યો હતો અને પોલીસ આવીને મૃતદેહ લઈ ગઈ હતી અને તેમના અંતિમ સંસ્કાર ફરીથી કર્યા હતા.

ચેન યુંગ ટોન્ગની મુલાકાત કેટિમા ઈસ્માઈલ સાથે હોંગકોંગમાં એક શિપિંગ કંપનીમાં થઈ હતી જ્યાં તેઓ સાથે કામ કરતા હતા.આમ તો તેમની વચ્ચે કોઈ વાત થતી ન હતી પણ એક દિવસ ન્યુઝપેપર વાંચતા વાંચતા ચેને જોરથી કહ્યું કે તે અમુક થિયેટરમાં ચાલતી મુવી જોવા જવા માંગે છે કેટિમાએ પણ જણાવ્યું કે તે પણ આ ફિલ્મ જોવા માંગે છે.તેઓ બંને સાથે એ ફિલ્મ જોવા ગયા હતા અને ત્યારથી બંને વચ્ચે સંબંધ ગાઢ થયો હતો જો કે એક વખત તેઓ ચાલતા જતા હતા ત્યારે રસ્તો થોડો ચિકણો થઈ ગયો હતો અને કેટિમાં ફસડાઈ ત્યારે ચેને તેનો હાથ પકડીને તેને સંભાળી લીધી હતી.તેમણે ૧૯૫૯માં લગ્ન કર્યા.જો કે તેમને કોઈ સંતાન થયું ન હતું.૧૯૮૬માં તેઓ બ્રિટીશ કોલંબિયા રહેવા ગયા ત્યાં સુધી તેમણે આખા વિશ્વનું ભ્રમણ કર્યુ હતું.૨૦૦૧માં કેટિમા મોતને ભેટી હતી ત્યારે પણ ચેન તેની સાથે હોસ્પિટલમાં હતો અને કેટિમા મોતને

પારલે પ્રોડક્ટ્સ દ્વારા તેના નવા ડિવિઝન પારલે પ્લેટીનાનો પ્રારંભ

ભારતની અગ્રણી બિસ્કિટ એન્ડ કનફેક્શનરી કંપની પારલે પ્રોડક્ટ્સ દ્વારા તેના નવા ડિવિઝન પારલે પ્લેટીનાની રજૂઆત કરવામાં આવી છે, જેમાં પારલેની પ્રિમિયમ પ્રોડક્ટ્સ સામેલ છે. જ્યારે પારલે પોપ્યુલર સેગમેન્ટમાં અગ્રિમ છે ત્યારે પારલે પ્લેટીના તેની નવી ઓળખ અને કલ્પનાને આવકારે છે કે જેમાં તે ગ્રાહકો સાથે પ્રિમિયમ સેગમેન્ટને જાડે છે, નવા બ્રાન્ડ ડિવિઝનનો હેતુ પારલેની ઉપસ્થિતિ પ્રિમિયમ સેગમેન્ટમાં મજબૂત કરવાનો છે. જેમાં તેની સ્વાદિષ્ટ, પ્રેરણાદાયી પ્રોડક્ટ્સ સામેલ છે જે વિવિધ અદભૂત તત્વો જેમકે કોકા, મિક્સ્ડ બેરીઝ, રિયલ ચોકોલેટ ચિપ્સ વગેરેથી ભરપૂર હોય છે. તેમાં હાઈડ એન્ડ સીક, મિલાનો, મેક્સીટોસ અને સિમ્પ્લી ગૂડ હેલ્થ રેન્જની પ્રોડક્ટ્સ સામેલ છે.

આ લોન્ચ આઈપીએલની સિઝન-૧૦ દરમિયાન ટીવીસી કેમ્પેન સાથે શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ચોકલેટ ચીપ કૂકીઝ બ્રાન્ડ હાઈડ એન્ડ સીક કે જે બે વર્ષ પછી ટીવી એડમાં જાવા મળે છે. નવો પારલે પ્લેટીના લોગો આ પ્રોડક્ટ્સ પર કેમ્પેન સાથે જાવા મળશે. આ કેમ્પેનનો હેતુ પ્રિમિયમ અને એક્ઝલુઝિવ બ્રાન્ડ્સને હાઈલાઈટ કરે છે કે જે હાઉસ ઓફ પારલેમાં સામેલ છે અને તેને મધર બ્રાન્ડનું પીઠબળ મળેલું છે.



પારલે પ્રોડક્ટ્સના કેટેગરી હેડ મયંક શાહે કહ્યું હતું, ‘પારલે પ્લેટિના વ્યાપક સંશોધનના આધારે અસ્તિત્વમાં આવ્યું છે જેમાં જાવા મળ્યું થ્છે કે પારલેએ ગ્રાહકો સુધી પ્રિમિયમ સેગમેન્ટમાં પહોંચ વધારવા નવા રંગરૂપ સાથે આવવાની આવશ્યકતા છે. જ્યારે આ રેન્જની પ્રોડક્ટ્સમાં વિશ્વાસના મુખ્ય મૂલ્યને સામેલ કરાય છે અને સાથે ઉત્તમ ગુણવત્તા ઓફર કરાય છે, જેમાં સ્વાદ, પ્રિમિયમ ટેસ્ટ અને ફિલીંગ એસ્પિરેશન ઓફર કરવામાં આવે છે. પ્લેટીના ડિવિઝનની પ્રોડક્ટ્સમાંના તત્વો સાવધાનીપૂર્વક પસંદ કરાયા છે અને તે વિશ્વભરમાંથી પ્રાપ્ત કરવામાં આવે છે. આ કેમ્પેન દ્વારા અમે ગ્રાહકોને ઓળખ આપવા માગીએ છીએ કે પારલે ગ્રાહકોને સ્વાદ અને પ્રાથમિકતાઓ સાથે વૈવિધ્ય આપે છે.’

નવા કેમ્પેનમાં કે જેમાં હાલ ‘નામ તો સુના હી હોગા’ કેમ્પેનનો સમાવેશ થયો છે તેને સફળતા મળી છે. જ્યારે વિવિધ પારલે પ્રોડક્ટ્સ અંતિમ

૧૬મેના રોજ ઝુલાસણ- ડાંગરવાની વચ્ચે એન્જિનિયરીંગ બ્લોક

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર અમદાવાદ- મહેસાણા રેલખંડ પર ઝુલાસણ અને ડાંગરાવાની વચ્ચે એલસી ગેટ નં. ૨૨૩ પર તા. ૧૬ મે, ૨૦૧૭ (મંગળવાર) એન્જિનિયરીંગ વિભાગ દ્વારા રોડ અંડરબ્રિજ નિર્માણ માટે ફુલ બ્લોક લેવામાં આવશે.આ દરમિયાન નિમ્નલિખિત ટ્રેનો પ્રભાવિત રહેશે:૭૯૪૩૬ પાટણ - મહેસાણા- અમદાવાદ ડેમૂ પેસેન્જર ૧૬મેના રોજ મહેસાણા અને અમદાવાદની વચ્ચે આંશકરૂપથી નિરસ્ત રહેશે. એજી રીતે ૭૯૪૩૩ અમદાવાદ- મહેસાણા- પાટણ ડેમૂ પેસેન્જર ૧૬મેના રોજ અમદાવાદ અને મહેસાણાની વચ્ચે આંશકરૂપથી નિરસ્ત રહેશે.એવીજ રીતે ૭૯૪૩૧ અમદાવાદ- મહેસાણા ડેમૂ પેસેન્જર ૧૬ મેના રોજ અમદાવાદથી ૧૮.૫૦ ક્લાકે, ૭૯૪૩૩ અમદાવાદ- મહેસાણા- પાટણ ડેમૂના પાથ પર ચાલશે. ૭૯૪૩૭ અમદાવાદ- આબુ રોડ ડેમૂ પેસેન્જર ૧૬ મેના રોજ મહેસાણાથી ૨૧.૦૦ ક્લાકે ચાલશે. તેવીજ રીતે ૧૨૫૪૮ અમદાવાદ- આગ્રા ફોર્ટ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૧૬ મેના રોજ અમદાવાદથી ૧ ક્લાક મોડી ૧૭.૫૫ ક્લાકે ચાલશે.

અમદાવાદથી ચાલનાર સાબરમતી એક્સપ્રેસમાં એસી ચેર કાર કોચ

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની વધતી સંખ્યા અને તેમની સુવિધાઓને ધ્યાનમાં રાખતા ટ્રેન સં. ૧૯૧૬૫/૧૯૧૬૬ અને ૧૯૧૬૭/૧૯૧૬૮ સાબરમતી એક્સપ્રેસ ટ્રેનોમાં અસ્થાયીરૂપથી એક એસી ચેર કાર કોચ લગાવવામાં આવશે.તદ્ઉરાંત ટ્રેન સં. ૧૯૧૬૫/૧૯૧૬૬ અમદાવાદ- દરભંગા સાબરમતી એક્સપ્રેસમાં ૪ મેથી ૯ જુન , ૨૦૧૭ સુધી અમદાવાદથી તથા ૧૭મેથી ૧૨ જુન, ૨૦૧૭ સુધી દરભંગાથી (નિર્ધારિત દિવસો પર) (કુલ ૧૨ ટ્રીપ) એક એસી ચેર કાર કોચ લગાવવામાં આવશે. એ જ પ્રકારે ટ્રેન સં.૧૯૧૬૭/૧૯૧૬૮ અમદાવાદ- વારાણસી સાબરમતી એક્સપ્રેસમાં તા. ૧૬ મેથી ૧૦ જુન , ૨૦૧૭ સુધી અમદાવાદથી તથા ૧૯મેથી ૧૩ જુન , ૨૦૧૭ સુદી વારાણસી (કુલ ૩૦ ટ્રીપ) એક એસી ચેર કાર કોચ લગાવવામાં આવશે.આ સુવિધાથી આ ટ્રેનમાં આ સમય દરમિયાન કુલ ૨૪ કોચ રહેશે.

નાના વેપારો માટે જીએસટી- તૈયાર ડેલ વોસ્ટ્રો પીસી લોન્ચ કર્યું

ભારત બહુપ્રતિક્ષિત ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સનો અમલ કરવા માટે સુસજ્જ છે ત્યારે ભારતની અવ્વલ ટેકનોલોજી અને વેપારો માટે ભરોસાપાત્ર ભાગીદાર બ્રાન્ડ ડેલ દ્વારા તેનાં જીએસટી તૈયાર પીસી લોન્ચ કરવાની જાહેરાત કરી છે.જે નાના વેપારોને જીએસટી-તૈયાર થવામાં મદદરૂપ થવા માટે ટેકનોલોજી નિવારણ અને વિસ્તૃત ઈકોસિસ્ટમ ઓફર કરશે. જીએસટી ટેકનોલોજી આધારિત કર પ્રણાલી છે,જેમાં ડિજિટલ મંચ થકી અભિમુખતાની આવશ્યકતા છે ત્યારે નાના વેપારો માટે કરની નવી પણાલીમાં આસાનીથી પરિવર્તિત થવાનું મહત્ત્વપૂર્ણ બની જાય છે.નાના વેપારોને નવી ટેકનોલોજી ઝડપથી અપનાવવાની સાનુકૂળતાનો લાભ મળશે,કારણ કે એ ટેકનોલોજી અત્યંત ચકોર છે.ડેલનાં જીએસટી તૈયાર પીસી પ્રણાલીને સમજવામાં મદદરૂપ થવા સાથે વેપાર આસાનીથી ચલાવવામાં કોઈ પણ અવરોધ પેદા કર્યા વિના નિર્ધારિત સમયગાળામાં પરિવર્તિત થવામાં તેમને આગળ રાખશે.આ માધ્યમથી નવી કર પ્રણાલીને આસાનીથી અપનાવવામાં મદદ થવા સાથે એકંદમ ડિજિટલ પરિવર્તનમાં પણ આ યોગદાન રહેશે.જીએસટી તૈયાર ડેલ પીસી લોન્ચ કરવા પર બોલતાં ડેલ ઈન્ડિયાના કન્ઝયુમર અને નાના વેપારના વાઈસ પ્રેસિડેન્ટ પી.કૃણકુમારે જણાવ્યું કે આ નાના વેપારો સાથે બાગીદારી કરવાનું અમારે માટે મહત્ત્વપૂર્ણ હતું.તેમને જીએસટી વાતાવરણ થકી પરિવર્તિત થવા ટેકો આપવાનું જરૂરી હતું.નાના વેપારોએ આ પરિવર્તન કરવા માટે યોગ્ય સંસાધનો અને માહિતીને પહોંચ મેળવવી જોઈએ અને જીએસટી તૈયાર થવું જોઈએ.ડેલના જીએસટી લાભ સાથે એસબી માલિકો એ રીતે ડિજી વ્યાપારીઓમાં ફેવાશે કે તેઓ તેમના આસાન ટેકનોલોજી અનુભવ કરવા સાથે તેમના મુખ્ય વેપાર પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.(૧૩)

‘સિંધુરત્ન’ અંગે ઘોર બેદરકારી

રશિયામાં બનેલી અભાગી સબમરીન આઈએનએસ સિંધુરત્ન ના તો કેવળ બે ભારતીય નૌસૈનિકોનાં મોતનું કારણ બની બલ્કે તેના લીધે નૌકાદળના વડા એડમિરલ ડી.કે.જોશીને પણ પોતાના પદનો ત્યાગ કરવાની ફરજ પડી. આ સબમરીન ૧૯ નવેમ્બર, ૧૯૮૮ના રોજ ખરીદવામાં આવી હતી પરંતુ ભારતને અપાતા પહેલાં રશિયનો પણ એક વર્ષથી વિભિન્ન પરીક્ષણો માટે તેનો ઉપયોગ કરી રહ્યા હતા.

આ રીતે જોઈએ તો આ સબમરીન ૨૬ વર્ષ કરતાં પણ વધારે સમયથી સેવાઓ પ્રદાન કરી રહી હતી. રશિયાએ તે માટે ૧૨ વર્ષની ગેરંટી આપી હતી. આ સમયમર્યાદા બાદ ભારત દ્વારા તેનું એક ધરમૂળ રિફિટ કરવામાં આવ્યું જે અંતર્ગત તેનું બહારથી અંદર સુધી કાયાપલટ કરી દેવામાં આવી અને તેમાં નવા હથિયારો અને નેવિનેશન પ્રણાલીઓનો સમાવેશ કરવામાં આવ્યો. તેનાથી તેની ઉંમરમાં ૧૦ વર્ષનો વધારો થઈ ગયો પરંતુ ૧૦ વર્ષનો સમય પસાર થઈ ગયા પછી પણ ભારતીય નૌકાદળ આ સબમરીનનો ઉપયોગ કરી રહ્યું હતું. જ્યારે કાયદાથી આ સબમરીનને તો ડિસેમ્બર, ૨૦૧૩માં જ રિટાયર્ડ થઈ જવું જોઈતું હતું.

આઈએનએસ સિંધુરત્ન કિલો શ્રેણીની સબમરીન હતી. આ પ્રકારની સબમરીનોમાં ૨૪૦ બેટરીઓ હોય છે અને તે તમામનું વજન ૮૦૦ કિ.ગ્રા સુધી હોય છે. આ બેટરીઓની કાર્યક્ષમતા ચાર વર્ષની હોય છે જે દરમિયાન તે ૨૦૦ વખત પૂર્ણ રીતે ચાર્જ થતાં પૂર્ણ રીતે ડિસ્ચાર્જ થતાં સુધીની અવસ્થામાંથી પસાર થાય છે. ઉલ્લેખનીય છે કે સિંધુરત્નની બેટરીઓની ક્ષમતા ડિસેમ્બર, ૨૦૧૨માં જ ચૂક ગઈ હતી. તેનો સીધો અર્થ એ છે કે કોઈ પણ એ અનુમાન સરળતાથી લગાવી શકતું હતું કે આઈએનએસ સિંધુરત્ન ગમે ત્યારે દુર્ઘટનાનો શિકાર બની શકે છે પરંતુ ભારતીય નૌકાદળની સમસ્યા એ છે કે પાણીમાં લડવા માટે તેની પાસે મોજૂદ હથિયારો અત્યંત જર્જરિત થઈ ચૂક્યા છે. તેથી તેની પાસે એ સિવાય કોઈ વિકલ્પ રહી ગયો ન હતો કે તે પોતાની આવરદા પૂરી કરી ચૂકેલી સબમરીનોથી જ કામ ચલાવતું હતું.

ગત ચાર મહિનાથી ફરીથી મરામર કરવામાં આવી રહી હતી અને તેને ફરીથી સક્રિય સેવામાં લાવતાં પહેલાં એક નાના પરીક્ષણ માટે મોકલવામાં આવી હતી પરંતુ મરામત છતાંય તેમાં બેટરીઓ તો એ જ લાગેલી હતી, જેમની આવરદા ૧૫ મહિના પહેલાં પૂરી થઈ છે. પ્રશ્ન ઉદ્દભવે છે કે અંતે સબમરીનની બેટરીઓ કેમ બદલવામાં ન આવી? કારણ અત્યંત વિચિત્ર છે. કારણ કે નવી બેટરીઓ પ્રાપ્ત કરવામાં રક્ષા મંત્રાલય વતી વિલંબ કરવામાં આવી રહ્યો હતો.

ધ્યાન રહે કે સિંધુરત્નમાં જે પ્રકારની બેટરીઓ લગાવવાની હતી તેમનું નિર્માણ હવે ભારતમાં જ કરવામાં આવી રહ્યું છે. ક્લોરાઈડ ઈન્ડિયા અને સ્ટેન્ડર્ડ બેટરીજ નામક કંપનીઓ આ બેટરીઓ બનાવે છે અને તેઓ ભારતને આંતરરાષ્ટ્રીય કિંમત કરતાં અનેકગણા મોંઘા ભાવે આ બેટરીઓ વેચે છે. જ્યાં આપણને એ વાતની આવશ્યકતા તો છે કે આ પ્રકારની રક્ષા સામગ્રીઓ આપણે આપણા દેશમાં જ મળી રહે ત્યાં બીજીતરફ રક્ષા સોદાઓમાં આર્થિક ગેરરીતિઓ આચરવામાં આવતી હોવાની વાત પણ નવાઈ પમાડનાર નથી.

છેલ્લા એક દાયકામાં આ પ્રકારની બેટરીઓનો ખર્ચ પણ વધ્યો છે. બેટરીઓનોએક સેટ બનાવવામાં બે વર્ષ સુધીનો સમય લાગે છે. આ પ્રકારે આઈએનએસ સિંધુરત્નને વર્ષ ૨૦૧૪ના અંત સુધી નવી બેટરીઓ મળવાની આશા નહોતી.

ટૂંકમાં કહીએ તો અત્યાર સુધી જે સબમરીનો ભંગારના ઢગમાં જવી જોઈતી હતી તે હજી પણ દરિયામાં તરી રહી હતી અને એ પણ એ બેટરીઓના સહારે જ પોતાની આવરદા ક્યારનીય પૂરી થઈ ચૂકી હતી.

ગત બુધવારે આઈએનએસ સિંધરત્ન પર વેસ્ટર્ન કમાન્ડના સબમરીન કમાન્ડર અને સુરક્ષા પ્રમુખ સવાર હતા. આ અકારણ નહોતું. વાસ્તવમાં આ બંને અધિકારીઓ જાતે તપાસ કરવા માંગતા હતા કે આ સબમરીન હજી પણ દરિયામાં ઊતારવાલાયક છે કે નહિ. ટૂંક સમયમાં જ તેમને તેનો જવાબ મળી ગયો. અફસોસ કે તેમને આ માહિતીની કિંમત પોતનો જીવ ગુમાવીને ચૂકવવી પડી.

એવામાં પ્રશ્ન ઉઠે છે કે આ સ્થિતિ માટે કોણ જવાબદાર છે. જવાબ સરળ છે. દેશનું રક્ષા મંત્રાલય. જો રક્ષા મંત્રાલય નૌકાદળની મહત્વપૂર્ણ સબમરીનો માટે સમયસર બેટરીઓ પૂરી પાડી શકતું નથી તો તે માટે અન્ય કોને દોષી ઠેરવી શકાય? હકીકત તો એ છે કે નવી બેટરીઓની ખરીદી સંબંધી ફાઈલો વર્ષોથી રક્ષા મંત્રાલયમાં વિચારાધીન હતી. કોઈ પણ વહાણના બેડા માટે રિઝર્વમાં બેટરીઓની જરૂર હોય છે. જર્મનીની વહાણ બનાવતી કંપની એચડીડબલ્યુ દ્વારા નિર્મિત શિશુમર સબમરીનો માટે સિંધુરત્નથી અલગ બેટરીઓની આવશ્યકતા રહે છે.

આ રીતે આપણા વહાણી બેડા પાસે રિઝર્વમાં અલગ અલગ પ્રકારની બે સેટ બેટરીઓ હોવી જોઈતી હતી. પરંતુ બે તો છોડો, તેની પાસે એક સેટ બેટરીઓ પણ નહોતી. તે કાટ ખવાઈ ગયેલી બેટરીઓથી જ કામ ચલાવી રહી હતી અને રક્ષામંત્રી એ.કે.એન્ટની આ બધું સારી રીતે જાણતા હતા. નૌકાદળે અનેકવાર તેમને આ વાતથી વાકેફ કર્યા હતા પરંતુ તેમણે કાંઈ જ ન કર્યું. તેમણે નૌકાદળ પ્રમુખ એડમિરલ ડી.કે. જોશીનું રાજીનામું

સોમનાથ- પુરી સ્પેશલનું પલાસા અને શ્રીકાકુલમ રોડ સ્ટેશન પર સ્ટોપેજ

રેલવે દ્વારા મુસાફરોની માંગણી અને તેમની સુવિધાઓને ધ્યાનમાં રાખતા ટ્રેન સંખ્યા ૦૯૨૦૭/૦૯૨૦૮ સોમનાથ- પુરી સ્પેશલ (સાપ્તાહિક) જે સ્પેશલ ભાડા સાથે ચલાવવામાં આવે છે તેને વિજયનગર- પુરી રેલખંડના શ્રીકાકુલમ રોડ અને પલાસા સ્ટેશનો પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે. ૦૯૨૦૭ સોમનાથ- પુરી એક્સપ્રેસ ૦૨.૦૦ ક્લાકે શ્રીકાકુલમ રોડ અને ૦૨.૪૫ ક્લાકે પલાસા પહોંચીને પુરી માટે પ્રસ્થાન કરશે, પરતમાં ૦૯૨૦૮ પુરી- સોમનાથ સ્પેશલ ૦૦.૪૫ ક્લાકે પલાસા અને ૦૧.૨૦ ક્લાકે શ્રીકાકુલમ રોડ પહોંચી સોમનાથ માટે પ્રસ્થાન કરશે.

ગોએરનું મોનસૂન કેમ્પેઈન – ભાડા રૂ. ૫૯૯થી શરૂ

અમદાવાદ : ભારતની ઝડપથી વિકસતી એરલાઈન્સમાંની એક ગોએરએ આજે તેના રૂા. ૫૯૯થી શરૂ થતા મોનસૂન કેમ્પેઈનની જાહેરાત કરી છે. ગોએર દ્વારા સંચાલિત બધા ક્ષેત્રોમાં પ્રવાસીઓ રૂા. ૫૯૯માં ૧લી જુલાઈથી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭ દરમિયાન પ્રવાસ કરી શકશે. આ માટે ૧૨મી મેથી ૧૫મી મે, ૨૦૧૭ દરમિયાન બુકિંગ કરાવવું જરૂરી છે.

લોન્ચ કરવામાં આવેલું આ ત્રણ દિવસનું ટિકિટ વેચાણ ૧૫મી મે ૨૦૧૭ની મધરાત સુધી ચાલું રહેશે. આ માટે પ્રવાસગાળો ૧લી જુલાઈથી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધી છે. અને આ ઓફર નોન-સ્ટોપ અને ગોએર નેટવર્ક પર ઉપલબ્ધ ફ્લાઈટ્સ પર જ લાગુ પડે છે.

પોતાની સફરની પૂર્વ યોજના બનાવી ગ્રાહકો આ આકર્ષક ઓફરનો લાભ લઈ શકે એ ઉદ્દેશથી ગોએરએ આ કેમ્પેઈન શરૂ કર્યું છે. તેમના ગ્રાહકોને અનુકૂળ તેમ જ પોષાય તેવા દરે પ્રવાસ કરવા માટેના પસંદગીના વિકલ્પો ગોએર પૂરા પાડે છે.

આ ઓફર માત્ર ગોએરના નેટવર્ક (ગોએર વેબસાઈટ, ગોએર ટિકિટિંગ કાઉન્ટર્સ, ગોએર કોલ સેન્ટર અને ટ્રાવેલ એજન્ટ) પર જ ઉપલબ્ધ છે. બુકિંગનો સમયગાળો ૧૨મી મેથી ૧૫મી મે ૨૦૧૭ દરમિયાન છે. તેમ જ ૧લી જુલાઈથી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭ દરમિયાન મુસાફરી કરવી જરૂરી છે. આ ઓફર શિશુઓના બુકિંગ પર માન્ય નથી. તેમ જ ગ્રુપ ડિસ્કાઉન્ટનો લાભ આ ઓફરમાં સામેલ નથી. તેમ જ આ ઓફરને અન્ય કોઈ પ્રમોશનલ ઓફર કે રોકડ રકમ સાથે જોડવામાં આવી નથી. ભાડાને પ્રમાણભૂત રદ અને રિ-બુકિંગ નીતિ લાગુ પાડવામાં આવશે. કોઈ પણ પ્રકારની પૂર્વ નોટીસ કે કારણ વગર આ ઓફરના કોઈ પણ પાસામાં સંપૂર્ણ કે આંશિક ફેરફાર, કેન્સલ કે બદલી કરવાનો સંપૂર્ણ અધિકાર ગોએર પાસે રહેશે બ્લેક આઉટ તારીખો લાગુ છે. બુકિંગ સમયે ચકાસણી કરી લેવી. સિટિઝન્સ ચાર્ટર મુજબ અન્ય શરતો તેમ જ નિયમો તેમ જ જવાબદારીઓની મર્યાદાઓની જાણકારી .GoAir.in પર મૂકવામાં આવી છે. બીજી અન્ય શરતો કે નિયમો બાબતે બુકિંગ વખતે ચકાસણી કરી લેવી.(૩-૧)

યોગનું વધી રહેલ ચલણ

એલોપેથી અને હોમેયિોપેથીના સમયમાં યોગ અને આયુવૈદિકનુ પ્રચલન વધી રહ્યુ છે.લોકો યોગ તરફ ધ્યાન વધારે આકર્ષિત થાય છે. અત્યારે એવુ લાગે છે કે દવાઓનુ ઉત્પાદન નહીં પરંતુ બિમારીઓનુ ઉત્પાદન વધી રહ્યુ છે. અત્યારે લોકોનો દવાઓ પ્રત્યે વિશ્વાસ ઓછો થઈ રહ્યો છે. દવા કોઈને અસર કરે છે તો કોઈને નહીં તેથી કયા સુધી લોકો દવાઓના વિશ્વાસે ચાલશે. આપણે દવાને નહીં પરંતુ દવા આપણને ખાઈ રહી છે. દરેક દર્દની ગોળીઓ પાછળ આડઅસર રહેલી હોય છે. કેન્સરની ગોળીઓની વાત કરીએ તો આ ગોળીઓ ખાધા પછી માથામાં ટાલ પડવી, એલર્જી થવી વગેરે આડઅસર થાય છે. પરંતુ કેન્સર મટાડવા માટે ગોળીઓ ગળવી જરૂરી હોય છે. તેથી દર્દીને પહેલા કેન્સર મટાડવાની દવા આપવામા આવે છે ત્યાર પછી આડઅસર થઈ હોય તે બિમારી માટે પણ દવા લેવી પડે છે. તેથી બિચારા દર્દીઓ ગોળીઓને ખાઈને કંટાળી જાય છે.પરંતુ દવાઓ તો તેમની પાછળ પડી જાય છે. અત્યારના સમયમાં વાતાવરણ પ્રદૂષિત બનતુ જઈ રહ્યુ છે ત્યારે ખરાબ અનાજ, ખરાબ પાણી અને વાયુ પ્રદૂષણથી વ્યકિત સમય કરતા પહેલા મૃત્યની નજીક જાય છે. શહેરના લોકોની વાત કરીએ તો તેમની બિમારીઓ વધારે હોય છે. પોતાના શરીર પર અત્યાચાર કરતા કરતા તે કરમાઈ જાય છે અને શરીર કહેતુ હોય છે કે હવે મને છોડી દો.

રોગનો ફેલાવો :

કોઈ વ્યકિતને કબજીયાત છે તો કોઈને અસ્થમા.કોઈને માથુ દુખે છે તો કોઈને ચિંતા અને તણાવમાં જીંદગી જીવવી પડે છે. શહેરમા રહેતા લોકોને ડાયાબીટીસ, હાઈબ્લડપ્રેશર જેવી બિમારીઓ વધારે હોય છે.

ઈગૂ ગોગો એટલે શું?

પ્રાચીન મિથકોમા કેટલીક વાર કે જે દેખાવમા માનવ જેવા હોય છે પરંતુ માનવ હોતા નથી. ઈન્ડોનેશિયામા આવી એક જગ્યા છે ફલોરેસ. અહીંયા ફેલાયેલા મિથકોનુ નામ છે ઈબૂ ગોગો. ઈબૂ ગોગો માનવરૂપી જીવ છે અને કેન્દ્રીય ફલોરેસની નાગી ભાષામાં ઈબૂનો અર્થ થાય છે દાદી અને ગોગોનો અર્થ થાય છે સબુ કુછ ખા જાએ. ફલોરેસના નાગી રૂપી લોકોનુ માનવુ છે કે આ માનવ રૂપી જીવ ઝડપથી ચાલવામા અને દોડવામા સક્ષમ છે. તેમની ઉંચાઈ લગભગ ૧.૫ મીટર હોય છે. તેમનુ નાક પહોળું અને ચપટુ હોય છે.ચહેરો પણ મોટો અને ચોરસ હોય છે. તેમના શરીરનો બાંધો પાતળો અને મોં મોટુ હોય છે. તેમના શરીર પર કાળા ઘાટ્ટા વાળ હોય છે.

આ જાતિના મહિલાઓના સ્તન પણ મોટા હોય છે. તે લોકો પોતાની ભાષા બોલતા હોય છે. તેમને જે શીખવાડવામા આવે તે પોપટની જેમ બોલે છે. આ મિથકો વિશે એવુ માનવામા આવે છે કે તે વાસ્તવમાં ઈબૂ ગોગો વાંદરાની પ્રજાતિ છે. ૧૭મી સદીમા જયારે પોટુગલના જહાજો અહીંયા આવ્યા હતા ત્યારે પણ આ ઈગૂ ગોગો હતા. કેટલાક વિશેષજ્ઞોન કહેવુ છે કે ઈબૂ ગોગો ૨૦મી સતાબ્દી સુધી જીવીત રહ્યા હતા. પરંતુ ફલોરેસમા રહેતા નાગી લોકોએ તેમને શિકાર કરીને મારી નાંખ્યા હોવાથી તે નામશેષ થવાની અણી પર આવી ગયા હતા. તેમને મારવાનુ કારણ એ છે કે કેટલીક ખોરાકની ચોરી કરતા તો કેટલીક વાર નાના બાળકોને પણ ઉઠાવીને લઈ જતા હતા. ઈબૂ લોકોને મારવા માટે તેમને કપડાની લાલચ આપવામા આવી હતી.

દરેક ઈબૂને કપડાનુ કાપડ આપીને એક ગુફામા મોકલવામા આવ્યા હતા ત્યાર પછી બધા ઈબૂને મારવા માટે એક સળગતી મસાલ ત્યાં નાંખવામા આવી અને બધા સળગી ગયા હતા. પરંતુ કહેવાય છે કે તેમાંથી એકાદ બે જોડા ભાગીને જંગલમા પાછા ગયા અને ત્યાં રહેતા હતા. ઈબૂ ગોગો જે બાળકોને લઈ જતા હતા પરંતુ તે તેમને છેતરીને પાછા પોતાના ઘેર આવી જતા હતા. કેટલાક વર્ષ પહેલા ફલોરેસમા સવા ત્રણ ફૂટનું એક કંકાલ મળ્યુ હતુ. જે લગભગ ૧૩ લાખ વર્ષ પહેલાનુ નિવાસી હતું. તેને નામ આપવામા આવ્યુ હતુ - ફલોરેસ હોમો ફલોરીસાઈનસિસ.

ફલોરેસ હોમો ફલોરીસાઈનસિસને જોઈને એવુ લાગે છે કે ઈબૂ ગોગોનો કોઈને કોઈ આધાર તેમની પાસે છે. ઈબૂની જેમ જ વિયેતનામ, લાઓસ અને બોર્નિયામા માનવરૂપી જીવના કિસ્સા દૂર દૂર સુધી ફેલાયેલા છે. વાકુઆંગ જંગલમા આવા જીવ છે. આ તે જંગલ છે જયાં આધુનિક યુગમા પણ નવા જીવ જંતુઓની શોધ કરવામા આવે છે.

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com